

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચર્ચમાં 'ચૂંટણી-જાગૃતિ' ગોળી ખવડાવી તો જૂઓ!*
*મદ્રેસામાં 'વંદે માતરમ્' બોલાવડાવી તો જૂઓ!*
*પીવડાવો પંથોને 'રાજકીય' અમૃત ફર્જથી -*
*આરતી પ્હેલાં ચૂંટણી - ગરબો ગવડાવી તો જૂઓ!!*
*('નવરા'નો નવરાત્રિ તૂક્કો!!)*

### હાઈકુ

*પ્રચાર પીઠુ -*
*ઓળંગે છે ધર્મની -*
*લક્ષ્મણ રેખા!*

*ચાંપે ચરણ,*
*ચમચા થવા હોડ -*
*ચાપલૂસીમાં...*

### ચિંતન

*ન વિક્ષેપો ન ચ એકાગ્રંથ ન અતિબોધો ન મૂઢતા ।*
*ન ચ સુખં ન ચ વા દુઃખમ્ ઉપશાંતસ્ય યોગિનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.**

**શાંત થયેલા યોગીને વિક્ષેપ થતો જ નથી, આપણે તો એક ધ્યાનથી કંઈ વાંચતા હોઈએ કે પૂજા-પાઠ કરતા હોઈએ ને ફોનની ઘંટડી વાગે કે કોલબેલ વાગે કે પછી બહાર શેરીમાં કૂતરું ભસે, તરત જ વિક્ષેપ પડતો હોય છે. તરત ધ્યાન ત્યાં જયાં છે કે શું થયું ? કોણ છે? વગેરે યોગીને પણ એ બધા જ અવાજ કાને પડે તો છે જ, પણ એને વિક્ષેપ થતો નથી. એ શાંત જ રહે છે. એને એકાગ્રતા હોય તો વિક્ષેપ પડે. યોગી તો સહજભાવે જીવે છે. તેને કોઈ આસપાસ બને તે સામે તે કશીયે પોતાની પ્રતિક્રિયા કરતો નથી. ખરેખર વિક્ષેપ આપણી પ્રતિક્રિયા ને લીધે પડે છે, કારણ, મન ત્યાં દોડી જાય છે.**

### સુવિચાર

- પઢના એક ગુના, ચિંતન દો ગુના ઔર આચરણ સૌ ગુના કે બરાબર હોતા હૈ - **વિનોબા ભાવે**
- એ જરૂરી નથી કે દરરોજ મંદિર જવાથી માણસ ધાર્મિક બની જાય, પણ માણસના કર્મ જ એવા હોય કે એ ગમે ત્યાં જાય એ જગ્યા મંદિર બની જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચો પ્રેમ બધાને નથી મળતો, પણ દરેક જણ પ્રેમને સાચો કરી જ શકે છે - **જનકલ્યાણ**
- જે માણસ ને ખરેખર જ્ઞાન છે કે તે સાચો છે...
  તે કદી બૂમો પાડી તે સાબિતી કરવા મથતો નથી- **વજુ કોટક**
- કાચ અને સંબંધ બેવ ખૂબ નાજુક હોય છે, પણ બેવમાં ફર્ક માત્ર એટલો જ કે કાચ ભૂલથી ટૂટે છે અને સંબંધ ખોટા અહમ્થી - **હૃદયસૂત્ર**
- આશા એવી હય, જે મંઝીલ સુધી લઈ જાય, મંઝીલ એવી હોય જે જીવતાં શીખવાડે, જીવન એવું હોય જે સંબંધોની કદર કરે, અને સંબંધ એવો હોય જે યાદ કરવા મજબૂર કરે - **નવનીત**

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક દુઃખી યુવાને સંત પાસે જઈને કહ્યું, 'મારા પિતાનું અકાળે અવસાન થયું છે. તેઓ મને ખૂબ ચાહતા હતા એમના જવાથી હું સાવ એકલો, નિરાધાર થઈ ગયો છું, મારે એમની સાથે આપની પાસેથી જાણવું છે કે એમની એમની સદગતિ થઈ હશે કે નહીં? આપ એમની સદ્ગતિ કરાવી આપો.' સંતે કહ્યું, 'ભાઈ, એમણે જેવા કર્મ કર્યા હશે એવી ગતિ એમને મળશે, બહુ ફિકર કરવાની જરૂર નથી.' આમ છતાં પેલો યુવાન પોતાની વાતને વળગી રહ્યો. છેવટે સંતે કંટાળીને કહ્યું, 'ભાઈ, આવતીકાલે નદી કિનારે મંદિર બે ઘડા લઈને મને મળજો, એમાં એક ઘડો ઘી થી ભરેલો હોય અને બીજો કાંકરાથી ભરેલો હોય, હું તમારા પિતાની સદગતિ કરાવી દઈશ.' પેલો યુવાન ઘી અને કાંકરા ઘડા લઈ નદીએ પહોંચ્યો. સંતે કહ્યું, 'આ બેવ ઘડા નદીમાં નાખો.' યુવાને બે ઘડા નદીમાં ફેંક્યા.. નદીમાં ફેંકાતા બે ઘડા ફૂટી ગયા. જે ઘડામાં કાંકરા હતા તે નદીના તળિયે ડૂબ્યા, અને ઘી પાણી ઉપર તરવા લાગ્યા. સંતે કહ્યું, 'શું થયું જોયું ? જે કાંકરા પાણીમાં ડૂબી ગયા છે એને પાણીમાં તરાવી આપ, અને જે ઘી છે તેને ડૂબાડી આપ.' યુવાને કહ્યું, 'મહારાજ કાંકરા તો ભારે હોય એટલે ડૂબી જ જશે, ઘીને કેમ ડૂબાડી શકાય ?' સંતે કહ્યું, 'કાંકરા તું તરાવી શકતો નથી. અને ઘી ને ડૂબાડી શકતો નથી. તો હું તારા પિતાની સદગતિ કે દુર્ગતિ કેવી રીતે કરી શકું ?' દરેકની ગતિ એના પોતાના હાથમાં હોય છે. સારા કર્મોથી સારી ગતિ મળે, ખોટાથી અવગતિ.

# બાપુની ગાડી અને બુલેટ ટ્રેન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતના લોકપ્રિય રાજપુરુષ શંકરસિંહ વાઘેલાએ આખરે ફરી એક વાર અને કદાચ એમની કારકિર્દીમાં છેલ્લી વાર જુગાર ખેલવાનો નિરધાર કર્યો છે. શરૂથી જ સાહસવીર તરીકે અણધાર્યા પગલાં ભરવા ટેવાયેલા શંકરસિંહ વાઘેલા વ્યક્તિ તરીકે ઉત્તમ કક્ષાના માનવતાવાદી નેતા છે, વળી ગુજરાતમાં કોઈ ગામ એવું નહીં હોય જયાં બે-પાંચ આગેવાનોને એ નામજોગ નહીં ઓળખતા હોય, પરંતુ કિસ્મતે એમને ધાર્યા નિશાન પાડવામાં યારી પાડી નથી. કયારેક યારી આપી હશે તો એ ટૂંકા ગાળાની સફળતા સ્વરુપે. દાખલા તરીકે ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સરકાર સામેના દિલધડક ખજૂરાહો કાંડ પછી એમને સત્તા તો સાંપડી હતી પરંતુ એ લાંબો વખત ચાલી નહોતી. પ્રજાએ એમનું એ પગલું પસંદ નહોતું પડ્યું અને વળતી ચૂંટણીમાં એમનાં પારખાં થઈ ગયાં હતા. અલબત્ત, શાસક તરીકે શંકરસિંહ વાઘેલા અત્યંત સફળ, ત્વરિત નિર્ણય કરનારા લોકનેતા બની રહ્યા હતા. જિલ્લા - તાલુકાઓની જૂની માગણી એમણે ચપટી વગાડતામાં ઉકેલી હતી તે ગુજરાતની સુજ્ઞ પ્રજા ભાગ્યે જ ભૂલી શકે. એમના ગત્ જન્મદિવસે કોંગ્રેસ સાથે છેડો ફાડતી વખતે બાપુએ પોતાના ટૂંકા શાસનકાળની સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓનું વિહંગાવલોકન રજૂ કર્યું હતું એમાં લેશ પણ અતિશયોક્તિ કે દંભ ન હતો. આવા લોકનેતાને ન તો એમનો પિતૃપક્ષ ભાજપ સાચવી શક્યો કે ન એ કોંગ્રેસમાં સરખી રીતે સૅટ થઈ શક્યા. આથી નારાજ થઈ ઘરકૂકડી બની બેસી રહેવાને બદલે બેઉ પક્ષો વિરુદ્ધ પૂરી તાકાતથી લડી લેવાનું નક્કી કર્યું લાગે છે. જો કે આ લડાઈ અત્યારે તો બાપુની ગાડી અને બુલેટ ટ્રેન વચ્ચેની સ્પર્ધા જેવી લાગે છે. પણ કયારેક કાચબો રેસ જીતી જાય અને સસલાભાઈ ઊંઘતા ઝડપાય એવું પણ બની શકે! મહત્ત્વાકાંક્ષી હોવું એ કોઈ અવગુણ નથી. દરેક રાજકારણી બલકે દરેક વ્યક્તિને મહત્ત્વાકાંક્ષા હોય જ. એટલે બાપુએ મુખ્યમંત્રી પદની મહત્ત્વાકાંક્ષા હોય તો તે ગેરવાજબી નહીં જ ગણી શકાય. એ પદ માટે હાલના સંભવિત ચહેરાઓની સરખામણીમાં એ ઘણા વધારે લાયક છે, એટલું તો એમના કટ્ટર વિરોધીઓ પણ સ્વીકારશે. પરંતુ અંગત લાયકાત આવી ચૂંટણીમાં ફક્ત આંશિક ફાયદો કરી આપતી હોય છે. પાર્ટીઓના કમઠાણમાં ગૂંચવાયેલા આપણા સંસદીય ઢબના રાજકારણમાં લઘુમતી મહત્ત્વની બની રહે છે. ભાજપ અને કોંગ્રેસ બેઉ અત્યારે બહુમતીના દાવા કરી રહેલા સ્થાપિત રાજકીય પક્ષો છે. આ પ્રસ્થાપિત પરિબળોએ અત્ર-તત્ર-સર્વત્ર પોતાના પ્રચાર કેન્દ્રો ઊભાં કરેલા છે. શાસક પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે તો માઈક્રોપ્લાનિંગ કરીને છેક પેજ કક્ષાએ કાર્યકર્તાઓને સક્રિય કરેલ છે. સામે પક્ષે શાસક પક્ષના લાંબા ગાળાના શાસનથી ઊભા થયેલા અસંતોષનો લાભ લેવા કોંગ્રેસ પણ કૃતસંકલ્પ છે. બાપુ પોતે કહેતા ફરે છે કે આ વખતે સરખું આયોજન થાય તો કોંગ્રેસ સત્તા પર આવી શકે એમ હતી. બાપુની બ્લૂ પ્રિન્ટ કે નેતૃત્વનો કોંગ્રેસના હાઈ કમાન્ડે સ્વીકાર ન કર્યો એથી એમને કોંગ્રેસ છોડવી પડીછે. હવે તેઓ બે મુખ્ય રાજકીય પરિબળોની વચ્ચે ત્રીજો 'જન વિકલ્પ' ઊભો કરી પોતાનું કિસ્મત અજમાવી રહ્યા છે. ગુજરાતના રાજકારણમાં ત્રીજું પરિબળ કયારેક નોંધપાત્ર ગજું કાઢી શક્યું નથી, સિવાય કે ભાઈ-કાકાની નેતાગારીવાળા સ્વતંત્ર પક્ષને પ્રમાણમાં સારો દેખાવ કરવાની તક પ્રજાએ આપેલી, જે વખત પૂરતી જ હતી. 'જન વિકલ્પ' નો જનાધાર યુવાનો હશે અને એમાં પ્રતિભાશાળી ઉમેદવારો ઊભા કરાશે, એવી અપેક્ષા અસ્થાને નથી. પાટીદાર આંદોલન, દલિત વિદ્રોહ અને ઠાકોર ક્ષત્રિય સેના જેવા પરિબળો એનો હિસ્સો બનશે કે કેમ તે સમય જ કહેશે. અત્યારે તો બાપુ કેસરિયાં કરવા નીકળેલા ક્ષત્રિય વીરની જેમ મહુડીથી સોમનાથ અને દ્વારિકા સુધી દૈવી શક્તિઓના આશીર્વાદ લઈ રણમેદાનમાં ઊતર્યા છે. ગુજરાતમાં ત્રીજું રાજકીય પરિબળ ઊભું નથી થઈ શક્યું એટલે કયારેય થઈ જ ન શકે એમ માની લેવું બરાબર નહીં ગણાય. એ જ રીતે બાપુના જનવિકલ્પ મોરચાને કોંગ્રેસ ભાજપની 'બી' ટીમ કહી ઊતારી પાડે તે પણ યોગ્ય નથી. લોકશાહીમાં બધાને ચૂંટણી લડવાનો જન્મસિદ્ધ અધિકાર છે.

# વાત કરીએ કોઢ ચિકિત્સાની...



સાંપ્રત સમયે ઘણા કારણો ને લીધે ચામડી ના રોગો નું પ્રમાણ ખુબ વધ્યું છે. લગભગ દરેક કુટુંબ માં કોઈ ને કોઈ વ્યક્તિ ને નાના – મોટા ચામડી ના રોગો જોવા મળે જ છે.

આજે વાત કરીએ લુકોડરમા ની, જેને ગુજરાતી માં કોઢ કહે છે અને તેનું સંસ્કૃત નામ 'શ્વીત્ર'છે. 'લુકોડરમા' લેટીન શબ્દ છે, લેટીન માં 'લુકોસ' એટલે સફેદ અને 'ડરમસ' એટલે ત્વચા. આમ 'લુકોડરમાં' નો સીધો અર્થ 'સફેદ ચામડી' એવો થાય. હાલ ના સર્વે મુજબ વિશ્વ માંથી લગભગ ૨% વસ્તી આ રોગથી પીડાય છે.

આધુનિક તબીબી શાસ્ત્ર મુજબ કોઢ થવાનું મુખ્ય કારણ ચામડીમાં રહેલ કોષો 'મેલેનોસેટ્સ'નો નાશ થવો કે ઘટી જવું છે. આ કોષો ચામડીના કુદરતી રંગ માટે જવાબદાર છે. જે લોકો વધુ કાળા હોય તેમાં આ કોષો વધુ માત્રામાં હોય છે. અને જે લોકો ગોરા હોય તેમાં આ કોષો ઓછી માત્રમાં હોય છે. આ કોષોનો નાશ કેવી રીતે થાય છે એ હજી સચોટ રીતે જાણી શકાયું નથી. સર્વે પર થી એટલો ખ્યાલ આવ્યો છે કે લુકોડરમાંના કુલ દર્દીઓ માંથી ૧/૩ દર્દીઓને આ રોગ વારસામાં મળ્યો છે. આમ અનુવન્શીકતા એક પ્રબળ ફેક્ટર છે, પરંતુ શરીર માં ક્યાં ફેરફારો ને કારણે આ રોગ થાય છે એ હજી સુધી સંપૂર્ણ જાણી શકાયું નથી.

હવે આયુર્વેદ માં દર્શાવેલ કોઢ થવાના કારણો તરફ નજર કરીએ.

- વિરુધાહારઃ એવા આહાર કે જેના ગુણો પરસ્પર વિરુદ્ધ હોય. એ લેવાથી કોઢ થઈ શકે. વિરુદ્ધાહાર માં ઘણા આહારોનો સમાવેશ થાય જેમ કે દૂધ ડુંગળી સાથે લેવા, દૂધ અને મૂળા સાથે લેવા, દૂધ અને લવણ સાથે લેવું આદી.
- કુદરતી ક્રિયાઓને વધુ પડતી રોકવી કે અવરોધવી. જેમ કે ભૂખ, તરસ, મળ – મુત્ર આદી ક્રિયાઓ.
- ખુબ ભારે ખોરાક લઈને તડકામાં ભારે વ્યાયામ કરવો કે ખુબ ગરમી અને તડકામાંથી આવીને સીધુ એકદમ ઠંડુ પાણી પીવું.
- પુરતો ન પાક્યો હોય તેવો ખોરાક ખાવો, કે અગાઉ નું ખાધેલું ન પચ્યું હોય ત્યાં ફરીથી ખાવાનું ખાવું.



**પહેલું સુખ તે જાતે નર્યા**
ડૉ. કેદાર ઉપાધ્યાય

- તાજા ધાન્ય માંથી બનેલા પદાર્થો ખુબ વધુ પડતા ખાવા કે ખુબ વધુ પડતું દહીં, ખાટ્ટા પદાર્થો કે મીઠું ખાવું.
- અસત્ય વાણી, કૃતઘ્નતા, દેવો - ગુરુ - પૂજ્ય - વહાલોનું અપમાન કે નિંદા, પાપ આચરવા ક પૂર્વજન્મ ના ખરાબ કામો પણ એક કારણ છે.

જયારે આપણે આયુર્વેદ અનુસાર કોઢ થવાના કારણો ને જોઈએ ત્યારે ઘણું નવું જાણવા મળે. આધુનિક વિજ્ઞાન ફક્ત ચામડી માં રહેલા કોષ ના નાશ સુધીની વાત કરી શક્યું છે જયારે આયુર્વેદ માં આહાર વિહાર તથા આચાર ઉપરાંત પૂર્વજન્મ ને પ્રધાનતા આપી છે. અહી કટલા કારણો માંથી ઘણા એવા કારણો છે કે જે આપણે વરંવાર કરતા હોઈએ (જેમ કે દૂધ સાથે મીઠું ખાવું કે પછી તડકા માંથી આવીને તુરંત પાણી પીવું કપચી ખોટું બોલવું કે નિંદા કરવી) પણ દરેક ને આ રોગ થતો નથી કારણ કે માણસની પ્રકૃતિ, શરીરના દોષો તથા ધાતુઓની સ્થિતિ, તથા પૂર્વજન્મના કર્મો વગેરે ઘણા કારણો અહી ભાગ ભજવે છે. (હિંદુ ધર્મ પૂર્વજન્મમાં મને છે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ગરવી ગુજરાતણનો ગરબો

રૂડે ગરબે ઘુમે છે નાર ગુજરાતની , ઓહો, શોભા વધી ગઈ ગુજરાતની.

એનું મુખ ચમકે છે જાણે ચાંદલિયો, બધે આભા ફેલાઈ ગઈ પરભાતની.

હાથે તાળી પડે છે પૂરા લાખની રે ,
એનાં કંકણ કરે છે વાત કરતાલની.

આજથી નવલી નવરાત્રીનો મંગળ પ્રારંભ થઈ રહ્યો છે.ભાદરવો જતાં જતાં વરસાદી ઝાપટાં ગુજરાતને માથે મારતો ગયો છે. અગિયાર મહિનાથી વાટ જોતાં ખેલૈયાઓના જીવ પડીકે બંધાઈ ગયા હતા. કેટલીક કન્યાઓને હજી નવી ચણીયાચોળી ખરીદવાની બાકી હતી. છેલ્લા સપ્તાહમાં બજારમાં જવાનું હતું પણ વરસાદ વિલન બન્યો.એવી છોકરીઓ મનમાં ગાતી હશે,'' વેરી થયો વરસાદ ભીડભંજની. '' ઘણાને, ખાસ તો આયોજકોને સારુ લાગ્યું હશે કે ચાલો મેદાનમાં પાણી છાંટવાની મહેનત બચી ગઈ અને બધી માટી સરસ જામી ગઈ.હવે મહિલાઓને જેટલા ગરબા ગાવા હોય ગાવા દો. ક્યાંયે ધૂળ ઉડશે નહીં.આયોજકોએ નવરાત્રીની બાકીની તૈયારીઓ સુખેદુખે પતાવી દીધી હશે. સંગીત પાર્ટીઓને ઑર્ડર અપાઈ ગયા હશે. ફૂલહારવાળાને વરધી અપાઈ ગઈ હશે. મંડપ રોશનીનું કામ કદી છેલ્લા દિવસ સુધી પતતું નથી. અમુક કામોનો તો છેલ્લા દિવસે આરતી થાય ત્યાં સુધી નહી પરંતુ ગરબા ચાલુ થાય ત્યાં સુધી નિકાલ આવતો નથી. શરૂઆતમાં સુખેદુખે શબ્દ એટલે જ વાપરવો પડ્યો છે. બધુ કર્યા પછી યે માતાઓ-બહેનો અને દીકરીઓ ગરબા ગાવા હોંશે હોશે આવે તો સારું. નહીંતર પાર્ટીપ્લોટમાં સંગીતકારોની ધમાધમ, કુમળી કળીઓનું રુમઝુમ તથા આખી રાત બાઈક લઈને આ ગરબેથી પેલે ગરબે ઘુમતા ભમરાઓનું ગુનગુન અને ઘરનો.-શેરીનો ગરબો બેઠો સાવ સુનમુન.

હા, તો આજે આપણે ગરબા ગાનારા યુવાનો અને યુવતીઓની વાત માંડીશું. પહેલા આપણા ઘર આંગણે મોટા ચોક જેવી જગ્યામાં એક ખુરસીમાં અંબામાતાનો ફોટો મૂકીને આઠદસ બહેનો પાંચદસ ગરબા મન મૂકીને ગાઈ લેતી. ત્યાં પરસાદ જેવું કંઈક વહેંચાય પછી ઘરડી દાદીઓ નાના છોકરાંને ઢબૂરીને સૂવરાવી દેતી.દૂર દૂર ગવાતા ગરબા સાંભળતી એ પણ થોડીવારમાં ઊંઘી જતી. કેટલીક સાસુઓ વહુ-દીકરીઓ પાછી ના આવે ત્યાં બગાસા ખાતી જાગ્યા કરતી. એ લોકો આવે એટલે ' આજ તો મારી છોકરીએ બહુ ગરબા ગાય ને કંઈ?' એમ પૂછી પાણીબાણી પી સૂવાનું કરતી. આ બધુ બહુ બહુ તો રાતના એક દોઢ વાગ્યા પહેલાં પતી જતું હતું . જ્યારે આજના ગરબા દસ વાગ્યા પહેલા ભાગ્યે જ શરૂ થતા હશે. કારણકે ઘણા ઘરોમાં નવ વાગ્યા પહેલા કદી જમવાનું બનતું નથી. જમતાં જમતાં દસ સાડાદસ વાગી જાય છે. પછી આપણી ગુર્જર નારી ગરબા ગાવા જતા પહેલાં બની ઠનીને તૈયાર થાય. હવે પાર્ટી પ્લોટમાં જવાનું હોય તો ભાઈસાહેબને સાથોસાથ તૈયાર થવું પડે. અગિયાર વાગ્યે સરઘસ પાર્ટીપ્લોટ પાસે પહોંચી શકે છે. જો અગાઉથી કાર્યક્રમના (ગરબા ગાવા એને પણ કાર્યક્રમ કહેવો પડે છે) પાસ મેળવી લેવાયા હોય તો ઠીક નહીંતર મોંઘા ભાવની ટિકિટ ખરીદીને પ્રવેશપાત્ર બની શકાય છે. આપણે સમયસર કદાચ પહોંચી જઈએ તો સંગીતકારો આવ્યા હોતા નથી. અને જો આવ્યા હોય તેમના ચા-પાણી ચાલતા હોય છે. જેમતેમ કરીને અગિયાર વાગતા ધીરેથી ગરબો શરૂ થાય છે. તે થોડો જામવા લાગ્યો હોય ત્યાં બાર સાડાબારે રિસેસ પડે છે. લોકો જાણે અઠવાડિયાથી ભૂખ્યા હોય એમ નાસ્તા - ચા-પાણી આઈસ્ક્રીમ અને ઠંડા પીણા પર તૂટી પડે છે. ઘણા તો જાણે ખાવા જ આવ્યા હોય એમ રોજ વારાફરતી બધી આઈટ્મોને ન્યાય આપે છે. ગરબા એટલા મોડા શરૂ થાય છે કે નાના ભૂલકા તો નવદસ વાગ્યા પહેલા ઊંઘી જાય છે. એમને ગરબાનો કોઈ આનંદ પ્રાપ્ત થતો નથી. જો કે હવે એકવીસમી સદીના કોમ્પ્યુટરાઈઝડ બાળકો નાસ્તો મળતો હોય તો અડધી રાતે આંખો મચડતાં જાગે છે અને નાસ્તો કર્યા પછીયે એકબે કલાક બગાસા ખાતા બેસી રહે છે. એટલે પહેલાં ઘરઆંગણે ગરબા શીખવાનો લાભ મળતો હતો તે બિલકુલ અદશ્ય થઈ ગયો છે. એનું સ્થાન ગરબા શીખવાના ક્લાસોએ લીધું છે. હવે ખાસ કરીને યુવાનો મહિના પહેલાંથી આવા ટ્યુશનમાં પારંગત થઈને આવે છે અને પહેલા દિવસથી જ અવનવી લટકાળી ચાલના ગરબા ગાઈને યુવતીઓ વચ્ચે છાકો પાડી દે છે.





**મનના ઉમંગો**
રણછોડ પરમાર

સામાન્ય સમજ પ્રમાણે ગરબા ગાવા એટલે હોઠ હાલે, મોંઢામાંથી અવાજ નીકળે અને ગરબાના શબ્દો સંભળાય તેમ જો તમે માનતા હોવ તો ખાંડ ખાવ છો. તમે આ નવરાત્રીમાં ગમે ત્યાં ગરબા ગાવા જાવ અથવા સાંભળવા જાવ અથવા જોવા જાવ તો એક વસ્તુ નોંધજો કે એક હજારના ટોળામાંથી શું કોઈના મોઢામાંથી એક શબ્દ સાંભળવા મળે છે ? ચાલો શબ્દોની વાત જવા દો, શું કોઈના હાથની તાળી સંભળાય છે ? ચાલો એ વાત પણ જવા દો , શું કોઈનું ધ્યાન પેલા મંચ ઉપર ગાનારા શું ગાય છે તે તરફ હોય છે ? હવે ભક્તિભાવની વાત કરવી નકામી છે. તો શું બની ઠનીને ગોળ ગોળ આંટા મારવા એને ગરબા કહેવાય?

વરસો પહેલાં મને ગરબા ગાવા ( મતલબ કે ગાવા) ઉપરાંત ગરબા લખવાનો શોખ હતો,તે સમયે શ્રી અને સ્ત્રી નામના સ્વતંત્ર મેગેઝીન હતા. તેઓ નવરાત્રી પ્રસંગે ખાસ ગરબા અંક બહાર પાડતા. મારા ગરબા હું શ્રી અને સ્ત્રી મેગેઝીનમાં મોકલતો. પાછા એ લોકો છાપતાંય ખરા. તે સમયે મેં એક ગરબો લખેલો તેની ત્રણ કડી આ લેખની શરૂઆતમાં રજૂ કરી છે .પરંતુ આજની તારીખે જો મારે આજના વાતાવરણનો ગરબો લખવો હોય તો હું શું લખું ? મને લાગે છે કે કઈંક આવું જ લખાય.

ક્યાંય ના જડે, ક્યાંય ના જડે, ક્યાંય ના જડે રે ,
મારી ગરવી ગુજરાતણ નાર ગરબામાં ક્યાંય ના જડે રે !
મધમાખી જાણે ટોળે વળી છે, ટોળે વળી છે ને કુંડે પડી છે, પણ કંકણનો રણકાર ગરબામાં ક્યાંય ના જડે રે !
ઢમક ઢોલ ને મંજીરા વાગે, કાનમાં જાણે બંદૂકો દાગે, પણ કોયલનો ટહૂકાર ગરબામાં ક્યાંય ના જડે રે !
નવનવલા એ લટકા કરે છે, કાયાના તોડી કટકા કરે છે.
પણ તાળીઓનો થડકાર ગરબામાં ક્યાંય ના જડે રે !
ઊંચું જુવે તો વીજળી કરે છે, નીચું જુવે તો પાલવ સરે છે, પણ વાછટનો અણસાર ગરબામાં ક્યાંય ના જડે રે !

આજની પરિસ્થિતિમાં કોઈ ગાંડા થયેલા વિકાસનો ગરબો પણ લખી શકે.

અલી હાચવીને ચાલજે બૈ ,વિકાસભૈ ગાંડો થયો રે ! નકર ટાંટિયો ટકશે નૈ, વિકાસભૈ ગાંડો થયો રે !
રસ્તા બનાયા લાંબા ન પહોળા , ડમ્મર નાંખ્યો નૈ. ધડધડતો વરહાદ પડ્યો તો કપચી નેકળી ગૈ.

# શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે, નિશદિન સ્નેહ કરું તેલ એમાં નાખજે

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે.
નિશદિન સ્નેહ કરું તેલ એમાં નાખજે.
મનના મંદિરે જો જે અંધારુ થાય ના... ઝાંખો.

શ્રાવણમાં શિવજીની ઉપાસના... ત્યારબાદ પુત્ર શ્રીગણેશજીની ઉપાસનાનું પર્વ અને હવે મા જગદંબાની ઉપાસનાનું પર્વ.

ભક્તિ અને શક્તિના સમન્વય સમાં નવલાં નોરતાં આવ્યા!!

હિંદુ ધર્મ શાસ્ત્રોમાં આસો, મહા, ચૈત્ર અને અષાઢ એમ ચાર નવરાત્રીનો મહિમા ગવાયેલો છે. મહા અને અષાઢની નવરાત્રી ગુપ્ત નવરાત્રિ તેમજ ચૈત્ર અને આસોની મહાનવરાત્રી તરીકે ઓળખાય છે.

નવરાત્રી એટલે મા જગદંબાની આરાધનાનું મંગલપર્વ. શક્તિપૂજન એ આપણી સંસ્કૃતિની આગવી અને ઉજ્જવળ પરંપરા છે.

નવરાત્રીના દિવસે શક્તિની ઉપાસના કરવાદિવસો.

દોસ્તો, નૈતિક મૂલ્યો ભલે સારાં ગણાય પરંતુ તે ટકાવવા તપશ્ચર્યા કરવી જરૂરીછે. ઘણીવાર અસત્ મૂલ્યો કઠીન તપશ્ચર્યા થતી વિજયી નીવડેલાં જોવા મળે છે. કહેવાનું તાત્પર્ય એ કે આપણા સારાપણાને ટકાવવા તપશ્ચર્યા જરૂરી છે. હંમેશા નબળા લોકોનાં સત્ય, સંસ્કાર કે સંસ્કૃતિની કોઈ નોંધ જ લેતું નથી. આ વાત યાદ રાખવી જરૂરી છે.

પુરાણ કથાનુસાર મહિષાસુરના ત્રાસમાંથી દેવો અને માનવોનો મુક્ત કરવા આદ્ય દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પુણ્ય પ્રકોપમાંથી જે દૈવી શક્તિ પેદા થઈ તે જ આપણી જગદંબા.



નવરાત્રીના નવ દહાડા ભક્તિભાવ પૂર્વક આદ્યશક્તિ મા પાસેથી શક્તિ-સામર્થ્ય પ્રાપ્ત કરી અંતરંગ વ્યાપેલી આસુરી વૃત્તિ પર વિજય મેળવવાનો ઉજ્જવળ અવસર...

આજે પ્રત્યેકના હૈયામાં મહિષાસુર અડિંગો જમાવીને બેઠો છે. જે આપણી પંડની માંહ્યલી દૈવી તાકાતને દબાવી રહ્યો છે. આ મહિષાસુરની માયાને પિછાણી - ઓળખીને એની નાગચૂંડમાંથી જાતને ઉગારવાની છે.આ 'મહિષાસુર' એટલે 'મહિષ' અર્થાત્ 'પાડો.' પાડો હંમેશાં પોતાનું જ સુખ જોતો હોય છે. આજે પ્રત્યેક જણ પોતાનું જ સુખ શોધે છે. સૌ પોતપોતાનું જ વિચારે છે. eat, drink and be marry - ખાસો, પીઓ અને મજા કરો. એટલે 'અસુર' 'અસુષુ રમન્તે ઈતિ અસુરા।' પ્રાણોમાં રમમાણ થનારા, ભોગોમાં જ રત રહેનારા. આ પાડાવૃત્તિ ફેલાતી - ફાલતી જાય છે. જેને કારણે સમાજ સ્વાર્થી, ભાવશૂન્ય અને પ્રેમવિહીન બન્યો છે. સમાજમાં વ્યક્તિવાદ અને સ્વાર્થપરાયણતા મહિષાસુર રૂપે નાચી રહ્યો છે. એને નાથવા મા જગદંબા પાસે સામર્થ્ય માગવાના દિવસો એટલે નવલાં નોરતા.

વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આજે રશિયા, જર્મની કે જાપાન જેવા સંપન્ન નેસમૃદ્ધ રાષ્ટ્રોની જેમ આપણે આપળ ખંખેરી, પ્રમાદને હડસેલી શક્તિ ઉપાસનામાં લાગી જવુંજોઈએ. 'સંઘેશક્તિ કલૌયુગે ।'દૈવી વિચારના લોકોનું સંગઠન ઊભું કરીને એ સંગટનના પ્રમુખપદે મા જગદંબાને બેસાડીને એની ભક્તિ કરીશુંતોશક્તિ પ્રગટ થશે. આ સૂચવવા જ નવરાત્રીના દિવસો દરમિયાન ગરબા કે રાસ રૂપે માની આસપાસ ઘૂમવાનું હોય છે. મા ની આસપાસ ઘૂમતાં ઘૂમતાં મા પાસેથી માગીએ કે, 'હે જગદંબા, તું એમને સદ્બુદ્ધિ આપ, અમારા સંઘબળ આડે અમારા કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર અને રાગ-દ્વેષ રૂપી પાડાવૃત્તિ આપે છે. તેને તું હણી નાખ. એમાંથી અમને મુક્ત કર!!'



**લાગણીનો મેળો**
રસિક વાળંદ

મિત્રો, આવી ઉન્નત-ભવ્ય વિચારભાવના આ પર્વ પાછળ રહેલી છે. પરંતુ આજે આપણા પર્વો માત્ર મનોરંજન અને પ્રદર્શન રૂપ બન્યા છે. ઘર-ઘરનો ગરબો-શક્તિપૂજન ધીરે ધીરે શેરી-મહોલ્લા છોડી છડેચોક આવ્યો !! નવી પેઢીને મન આ તો એક જનરંજન - આનંદ - ઉલ્લાસથી કંઈ વધું કંઈ નથી... પર્વો પાછળનું તત્ત્વજ્ઞાન આજની પેઢીના ભેજામાં કયાંથી ઊતરે ? આધુનિકતાના જમાનામાં અવનવાં સંગીતના સાધનો ઉમેરાયા... પરંપરાગત લોકવાદ્યોની જગ્યાએ ઓકટાપેડ ને શિન્થેસાઈઝર આવ્યાં. ડીજેના તાલ.... યુવાનોની વિશિષ્ટ વેશભૂષા... અદકો થનગનાટ...આ બધું જોતાં નવરાત્રિ' 'લવરાત્રી' બનવા લાગી છે..!!

આદ્યશક્તિની ઉપાસના આ દિવસો ભોગવાદની સ્વાર્થી વિચારશ્રેણી પર વિજય મેળવવાના દિવસો, સંઘશક્તિનું મહત્ત્વ અને ભાવભક્તિ સમજાવતા દિવસો.... તપશ્ચર્યાનો મહિમા અને એકતાનો સંદેશ સુણાવતા દિવસો! નવલાં નોરતાંમાં વરણાગીવેડા ને ડિસ્કો તાલ છોડી સાધનોનો સૂર પકડી લઈએ અને જીવનને સમર્પણના સંગીતથી ભરી દઈએ.

સ્પર્શમણિ
પોતાની જાતમાં ઈશ્વર જોવો તેનું નામ ધ્યાન.
બીજાઓમાં ઈશ્વર જોવો તેનું નામ પ્રેમ.
બધે ઈશ્વર જોવો તેનું નામ જ્ઞાન.

- rasikvalaand1965@gmail.com